**માન. અધ્યક્ષશ્રી,**

માન. રા.ક.મંત્રીશ્રી હર્ષ સંઘવી વાહન વ્યવહાર વિભાગની માંગણી ક્રમાંક ૭૪ લઈને આવ્યા છે. તેને હું સમર્થન આપુ છુ અને તેના પર મારા વિચારો વ્યક્ત કરું છું.

**માન. અધ્યક્ષશ્રી,**

સરકારશ્રીના તા.૨૩/૦૬/૨૨ના ઠરાવથી કેન્દ્ર સરકારની ગાઈડલાઈન મુજબ રાજ્ય સરકાર દ્વારા PPP ધોરણે ઓટોમેટેડ ફીટનેશ સેન્ટર સ્થાપવા માટે પોલીસી અમલી બનાવેલ છે.

વાહનના ફીટનેશ ઈન્સપેકશનની કામગીરી આરટીઓ કચેરીઓમાં મેન્યુઅલ કરવામાં આવે છે. જેને સ્થાને ટેકનોલોજીનો ઉપયોગ કરી આ કામગીરી હજુ ગુણવત્તાસભર અને પારદર્શી બને એ માટે PPP બેઝડ ઓટોમેટેડ ટેસ્ટીંગ સ્ટેશન ગુજરાત રાજયમાં સ્થાપવા માટે સરકારશ્રી દ્વારા નિર્ણય લેવામાં આવેલ છે.

**માન. અધ્યક્ષશ્રી,**

હાલમાં ઓટોમેટેડ ફીટનેશ સેન્ટર માટે વાહન વ્યવહાર કમિશ્નરશ્રીની કચેરી દ્વારા ૨૫ ઓટોમેટેડ ટેસ્ટીંગ સ્ટેશનને ફાઈનલ રજી. સર્ટીફીકેટ ઈસ્યુ કરવામાં આવેલ છે તથા

કુલ ૧૮૦ ઓટોમેટેડ ટેસ્ટીંગ સ્ટેશનને શરતી પ્રાથમિક મંજુરી આપવામાં આવેલ છે. આમ માન. અધ્યક્ષશ્રી, વાહનોની ફીટનેશ ઈન્સપેકશનની કામગીરીમાં અધતન ટેકનોલોજીનાં સમન્વયથી વાહન અકસ્માતો નિવારવા

ઉપરાંત લોકોની સલામતી માટે લીધેલા સરકારશ્રીનાં નિર્ણયને હું આવકારું છું..

**માન, અધ્યક્ષશ્રી,**

**<u>આરટીઓના ભવન મોર્ડનાઇઝ કરવા</u>**

- માન. અધ્યક્ષશ્રી, તાબાની ૨૫ આરટીઓ/એઆરટીઓ કચેરીઓનાં આધુનિકરણની કામગીરી ગ્રીમકો દ્વારા કરવામાં આવેલ છે. આ કચેરીઓના આધુનિકરણ માટે કુલ રૂ.૧૨૧૧.૩૪ લાખનો ખર્ચ થયેલ છે.
- મોટર વાહન ખાતાની તાબાની તમામ કચેરીઓ પૈકી અમુક કચેરીઓ જીલ્લા સેવા સદનમાં કે ભાડાના મકાનમાં કાર્યરત હતી. જે કચેરીઓના માટે જમીન મેળવી મોટરવાહન ખાતાના પોતાના બિલ્ડીંગ બનાવી કાર્યરત કરવામાં આવેલ છે. જેમાં વિશાળ પાર્કિંગ, પાર્કિંગ શેડ, HSRP નંબર પ્લેટ ફીટમેન્ટ શેડ, કન્ટ્રોલ ટાવર, ટુ-વ્હીલર અનેફોર-વ્હીલર ડ્રાઈવીંગ ટેસ્ટ ટ્રેક, મેઈન બિલ્ડીંગ, યુરીનલ, પીવાના શુધ્ધ પાણીની સુવિધા, બેસવાની વ્યવસ્થા વગેરે વ્યવસ્થા સહિતની કચેરીના નવીન મકાનનું નિર્માણ માર્ગ અને મકાન વિભાગ મારફતે કરવામાં આવેલ છે.
- હાલમાં મોટરવાહન ખાતાની તાબાની ૩૯ આરટીઓ/એઆરટીઓ કચેરીઓ પૈકી ૭ કચેરીઓના નવીન મકાનના બાંધકામની કામગીરી માર્ગ અને મકાન વિભાગ દ્વારા પ્રગતિ હેઠળ છે અને ફક્ત સુરેન્દ્રનગર કચેરી જે સરકારી બહુમાળી ભવનમાં કાર્યરત છે. સદર કચેરીના નવીન મકાન માટે જમીન આઈડેન્ટીફાઈ કરવામાં આવેલ છે.

આમ, માન. અધ્યક્ષશ્રી મોટરવાહન ખાતાની તાબાની કચેરીઓમાં વાહનની કામગીરી અર્થે આવતી મોટરીંગ પબ્લીકને પાયાની સુવિધાઓ મળી રહે તેવા ઉમદા હેતુથી કરવામાં આવેલા સરકારશ્રીના ભગીરથ પ્રયાસોને મારું સમર્થન છે.

**માન.અધ્યક્ષશ્રી,**

માન. મંત્રીશ્રી જે વાહન વ્યવહારની માંગણી નં. ૭૪ ગૃહ સમક્ષ લઈને આવ્યા છે તેને હું સમર્થન આપું છું અને સર્વાનુમતે મંજૂર થાય તેવી અપેક્ષા રાખું છું.